**આંક : ૧૭**

**શ્રી વિષ્ણુપ્રસાદ ગિરજાશંકર ત્રિવેદી, સભ્ય, ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ**
**રેફરન્સ (આઈ.ટી.) નંબર : ૫/૨૦૧૩**

**પ્રથમ પક્ષકાર** : વિભાગીય નિયામકશ્રી,
એસ.ટી.કોર્પોરેશન, વલસાડ વિભાગ, ધરમપુર રોડ, વલસાડ.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર** : મંત્રીશ્રી,
સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ યુનિયન,
C/o. આઈ.એ.વોરા,
૪૦૧, ચોથો માળ, શાલીમાર એપાર્ટમેન્ટ, ચાર પુલ પાસે,
નવસારી.

**હાજર રહયા** : –
પ્રથમ પક્ષકાર તરફે વિધ્વાન વકીલ શ્રી બી.એસ.હાલારી,
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી કીરીટભાઈ સી.શાહ,

**એ વો ર્ડ**

(૧) સદર રેફરન્સ નાયબ શ્રમ આયુકતશ્રી, સુરત ધ્વારા તેમના તારીખ : ૧૦/૧/૧૩ ક્રમાંક : કેએચઆર/એસએચએમસી/આઈડીએ/નવ/૨૨/૨૦૧૨/આઈડીઆર/એજે/નામક/સુ/ ૩૮૩ ધ્વારા હુકમની અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલ બાબતની ઔધ્યોગિક તકરાર અત્રેના ઔધ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરવામાં આવેલ છે. જેની અનુસૂચિ નીચે પ્રમાણે છે :–

**અનુસૂચિ**

**માંગણી** :– એસ.ટી.વલસાડ વિભાગના બીલીમોરા ડેપોના કન્ડકટર શ્રી પ્રમોદભાઈ એસ. પટેલ, બેજ નં.૧૩૮૫ ને ૧૮૦ દિવસની નોકરી પુરી કરેલ હોય તે તારીખથી ટાઈમ સ્કેલનો લાભ આપવો કે કેમ ? તેમજ પગાર ધોરણના આધારે મળવાપાત્ર તમામ નાણાંકીય અને આનુસાંગિક લાભ ચુકવી આપવા કે કેમ ?

(૨) આ કામે બીજા પક્ષકારના આંક–૭ થી સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ કરી સદર કામદારને હાજરીના પુરા દિવસ પુરા કરેલ હોવા છતાં વિલંબથી ટાઈમ સ્કેલમાં ઉપર મુકેલ તેમાં વિલંબથી કાયમી કરેલ હોઈ તેવા કારણે કામદારને જે અન્યાય દુર કરી આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવા સારું પ્રથમ પક્ષકાર વિરુધ્ધ હુકમ કરવા સારુ અરજ કરેલ છે.

(૩) આ કામે નોટીસ બજી જતાં પ્રથમ પક્ષકાર વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૯ થી પોતાનો જવાબ રજુ કરેલ છે.

(૪) આ કામે બીજા પક્ષકારની રેફરન્સની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના બીજા પક્ષકાર પોતે તા.૩/૧૦/૨૦૦૧ થી ડ્રાઈવર તરીકે ભરતી કરવામાં આવેલ અને ભરતી કરતી વખતે ભરતીના નિયમ મુજબ ૧૮૦ દિવસ નોકરી પુરી થઈ ગયા બાદ પણ તેઓને ટાઈમ સ્કેલ ઉપર લેવા તથા ૨૪૦ દિવસ નોકરી પુરી કરવાથી કાયમી કરવાની જોગવાઈ હોવા છતાં તેઓને ઘણાં વર્ષ બાદ ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવેલ જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનું આ પગલું ગેરકાયદેસરનું હોઈ બીજા પક્ષકારે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરેલ છે અને જે દિવસે બીજા પક્ષકારને ૨૪૦ દિવસ પુરા થયા તે દિવસથી કાયમી કામદારને મળતો તમામ પ્રકારનો આર્થિક લાભ પ્રથમ પક્ષકાર સંસ્થા બીજા પક્ષકારને ચુકવી આપે તેવી અરજ કરતી દાદ માંગેલ છે.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે અંક–૧૦ થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | તારીખ | અંક |
|---|---|---|---|
| ૧. | બીજા પક્ષકારને બદલી કામદાર તરીકે આપવામાં આવેલ હુકમની નકલ | ૩/૧૦/૦૧ | ૧૦/૧ |
| ૨. | બીજા પક્ષકારને રોજમદાર તરીકે આપવામાં આવેલ હુકમની નકલ | ૩/૯/૦૭ | ૧૦/૨ |
| ૩. | બીજા પક્ષકારને ટાઈમ સ્કેલમાં મુકવામાં આવેલ હુકમની ઓફીસ કોપી | ૧૬/૨/૦૮ | ૧૦/૩ |

(૬) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે અંક–૧૧ થી નીચે મુજબના રુલીંગ્સ રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | તારીખ | અંક |
|---|---|---|---|
| ૧. | નામ. ગુજરાત હાઈકોર્ટે એલપીએ નં.૧૧૮૫/૧૪ ના કામે કરેલ હુકમની નકલ | ૪/૭/૧૭ | ૧૧/૧ |
| ૨. | નામ. ગુજરાત હાઈકોર્ટે સ્પે.સીએ નં.૧૦૯૭૭/૧૪ ના કામે કરેલ હુકમની નકલ | ૨૫/૮/૧૪ | ૧૧/૨ |
| ૩. | નામ. ગુજરાત હાઈકોર્ટે એલપીએ નં.૧૦૨૧/૧૪ ના કામે કરેલ હુકમની નકલ | ૨૩/૯/૧૪ | ૧૧/૩ |
| ૪. | નામ. ગુજરાત હાઈકોર્ટે એલપીએ નં.૧૧૮૫/૧૪ ના કામે કરેલ હુકમની નકલ | ૧૧/૧૧/૧૪ | ૧૧/૪ |

(૭) આ કામે બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળી તથા આ કેસનું રેકર્ડ વંચાણે લીધું.

(૮) આ કામે બીજા પક્ષકારના વિધ્વાન વકીલશ્રીએ પોતાની લંબાણપૂર્વકની દલીલોમાં પોતાના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરી વધુમાં જણાવેલ છે કે, સંબંધીત બીજા પક્ષકારને તા.૩/૧૦/૨૦૦૧ ના રોજ વલસાડ વિભાગ એસ.ટી. કોર્પોરેશનમાં ભરતી કરવામાં

આવેલી આ ભરતી વખત પહેલા તમામ કાનુની જોગવાઈઓનું પ્રથમ પક્ષકાર સંસ્થાએ પાલન કરેલ અને તમામ પ્રકારની ભરતીની પ્રક્રિયામાં પસાર થયા બાદ બીજા પક્ષકારને ડ્રાઈવર તરીકે નોકરી પર લેવામાં આવેલ અને દર માસે આશરે ૨૫ થી ૩૦ દિવસ કામ આપવામાં આવતું હતું. જે કામ આપવામાં આવતુ હતુ તે કામ એસટી ના કાયમી ડ્રાઈવરો જયારે રજા ઉપર હોય તેના બદલે તેઓની ખાલી જગ્યા ઉપર કામ આપવામાં આવતું અને જે પ્રકારનું કાયમી ડ્રાઈવર કામ કરતા હતા તે જ પ્રકારનું બીજા પક્ષકારે કામ કરવાનું રહેતું હતું. આમ બીજા પક્ષકારની કામગીરી એ કાયમી પ્રકારની કામગીરી હતી અને પ્રથમ પક્ષકાર પાસે ડ્રાઈવરની ખાલી જગ્યાઓ પડેલ હતી છતાં પણ હંગામી ડ્રાઈવરોને કાયમી કરવામાં આવતા ન હતા અને ઓછા વેતનથી કાયમી પ્રકારની કામગીરી લેવામાં આવતી હતી અને આ રીતે બીજા પક્ષકારનું શોષણ કરવામાં આવતું હતુ. વર્ષો સુધી આજ રીતે બીજા પક્ષકાર પાસે કામ લેવામાં આવેલ અને છતાં પણ તેઓને ખાલી જગ્યા હોવા છતાં ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવેલ નહી અને ટાઈમ સ્કેલ ઉપર ન લેવામાં આવતા કાયમી કામદારને જે લાભ આપવામાં આવતો હતો તે લાભ આ કામના બીજા પક્ષકારને મળતા ન હતા જેથી બીજા પક્ષકારને આર્થિક નુકશાન થતુ હતુ. અને આશરે ઘણાં વર્ષ સુધી આ રીતે બીજા પક્ષકાર પાસે કામ લેવામાં આવેલ. પ્રથમ પક્ષકારનું આ કૃત્ય ગેરકાયદેસરનું છે. પ્રથમ પક્ષકાર સાથે થયેલ સમાધાન મુજબ કામદાર વર્ષમાં ૧૮૦ દિવસની કામગીરી પુર્ણ કરી તે દિવસથી તેઓને ટાઈમ સ્કેલ ઉપર લેવા જોઈએ. અને તેઓને કાયમી કર્મચારીને મળતા તમામ લાભો જેવા કે, પગાર, મોંઘવારી, ઘરભાડુ, સીટી એલાઉન્સ, પીએફ, ગ્રેજયુઈટી, બોનસ, એલટીસી, યુનિફોર્મ તથા જે પ્રકારના લાભો આપવા પડે તે તમામ લાભો બીજા પક્ષકારને આપેલ નથી કારણ કે, તેમની પાસે રોજમદાર તરીકે કામ લેવામાં આવતુ હતુ. આમ સંસ્થાનું આ કૃત્ય ગેરકાયદેસરનું હતુ. વહીવટી સિધ્ધાંત મુજબ જયારે સંસ્થા પાસે ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં જ જાહેરાત આપી અને કામદારોની ભરતી કરવામાં આવતી હોય છે. આ કામે પણ પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે જયારે જાહેરાત આપવામાં આ ત્યારે ખાલી જગ્યાઓ અસ્તિત્વમાં ધરાવતી હોય જેથી ખરેખર તે ભરતીના સમયથી બીજા પક્ષકારને કાયમી કામદાર ગણવા જોઈએ છતાં પણ પ્રથમ પક્ષકારે આવુ કૃત્ય કરેલ નથી. આમ પ્રથમ પક્ષકારનું કૃત્ય પ્રથમથી જ ગેરકાયદેસરનું હોય પ્રથમ પક્ષકારના પગલાંને રદ્દ કરી અને જે દિવસે બીજા પક્ષકારના ૨૪૦ દિવસ પુરા થયે તે જ દિવસથી તેઓને કાયમી કામદાર તરીકે ગણવાનું અને તેજ દિવસથી કાયમી કામદારને મળતા તમામ લાભો ચુકવી આપવા આદેશ આપવા સારુ અરજ કરેલ છે.

(૯) આ કામે પ્રથમ પક્ષકારે પોતાની લંબાણપૂર્વકની દલીલોમાં બીજા પક્ષકાર ધ્વારા કરવામાં આવેલ દલીલોનો વિરોધ કરી જણાવેલ છે કે, આ કામે બીજા પક્ષકારનાઓ હંગામી ધોરણે રોજમદાર તરીકે કામદાર હોવાનું અને ભરતી પ્રક્રિયા પુરી કર્યા બાદ તેઓને કાયદેસર રીતે નિમણુંક આપવામાં

આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, યુનિયન સાથે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૧/૧૨/૮૯ ના રોજ સેટલમેન્ટ થયેલ જે નીચે મુજબ છે.

**૨૦. <u>ભરતી / ટાઈમ સ્કેલ ઉપર લેવા બાબત</u> :**

''તા.૨૩/૧૧/૧૯૮૪ ના સેટલમેન્ટની કલમ–૨૯ ની જોગવાઈ રદ્દ કરવાના અને તા.૨૦/૧૦/૧૯૬૪ ના સેટલમેન્ટની કલમ–૪૩ ની જોગવાઈનો અમલ કરવાની રજુઆત સંદર્ભે નકકી કરવામાં આવ્યુ કે, પસંદગી પામેલ કર્મચારીઓની વિભાગવાર યાદી બનાવ્યા પછી તેમાંથી ક્રમાનુસાર જે તે વિભાગ / એકમમાં કાયમી જગ્યાઓની મંજુરી સામે હંગામી / રોજમદાર નિમણુંક આપવામાં આવશે અને આવી નિમણુંક પામેલ હંગામી / રોજમદાર કર્મચારીઓને સતત ૧૮૦ દિવસની નોકરી અઠવાડીક રજાઓ / પેઈડ હોલીડે અને અધિકૃત રજાઓ સહીત કર્યુ હશે તો તેમને ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવશે. આ જોગવાઈ સીવીલ એન્જીનીયરીંગ ખાતાના વર્કચાર્જના ધોરણે કામ કરતાં કર્મચારીઓને લાગુ પડશે નહી અને આવા નિમણુંક પામેલ હંગામી / રોજમદાર કર્મચારીઓને સતત ૧૮૦ દિવસની નોકરી, અઠવાડીક રજાઓ અને અન્ય પેઈડ હોલીડે સહીત કરી હશે તો તેમને ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવશે અને તેઓ ટાઈમ સ્કેલ કર્મચારીઓને મળતા બધા જ લાભોને પાત્ર થશે. રજાના કારણની ગેરહાજરી ઉપરોકત હેતુ માટે બ્રેક તરીકે ગણાશે નહી અને તે દિવસનો ૧૮૦ દિવસની નોકરી માટે ગણતરીમાં લેવામાં આવશે નહી. એસ.ટી.ટી. ૧૯૮૧ ની મંજુરી પ્રમાણે જે સ્ટાફની ભરતી રોજમદાર કે બદલી કામદાર તરીકે કરવામાં આવી હશે તેઓને તેમની કામગીરીના ૧૮૦ દિવસ પુરા થતાં મંજુર થયેલ જગ્યાઓ ઉપર ક્રમાનુસાર ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવશે.''

**(૧૦)** ઉપરોકત થયેલ સમાધાન મુજબ જો ડ્રાઈવર / કન્ડકટરને નિમણુંક આપવામાં આવે ત્યારે તેઓની પ્રથમ નિમણુંક ક્રમાનુસાર જે તે વિભાગ એકમમાં કાયમી જગ્યાઓની મંજુરી સામે હંગામી રોજમદાર તરીકે નિમણુંક આપવામાં આવે છે અને આવા નિમણુંક પામેલ હંગામી રોજમદાર કામદારે સતત ૧૮૦ દિવસ નોકરી પૂર્ણ કરેલ હશે તો તેઓને કાયમી મંજુર થયેલ જગ્યાઓની સામે ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવે છે. આ જોગવાઈઓ બાંધકામ ખાતાના વર્કચાર્જના ધોરણે કામ કરતાં કર્મચારીઓને લાગુ પડતી નથી. ઉપરોકત સમાધાન અનુસાર જયારે સંસ્થામાં કાયમી ડ્રાઈવરોની જગ્યા ખાલી પડે ત્યારે બીજા પક્ષકારને તા.૭/૧/૦૮ ના રોજથી ટાઈમ સ્કેલ ઉપર મુકવામાં આવેલ છે અને ટાઈમ સ્કેલનો લાભ લીધા પહેલા કે લાભ લીધા બાદ આજ દિન સુધી આ પ્રકારની તકરાર કયારેય પણ બીજા પક્ષકાર ધ્વારા લેવામાં આવેલ નથી તે હકીકત પણ ઘણી સૂચક છે અને ૭ વર્ષ બાદ ઓચિંતી આ પ્રકારની તકરાર લીધેલ છે જે યોગ્ય અને વ્યાજબી નથી જેથી ન્યાયના હીતમાં રેફરન્સ રદ્દ કરવા સારુ અરજ કરેલ છે.

**(૧૧)** આ કામે બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો તથા આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કામે સદર કામદાર બીજા પક્ષકારની ભરતી કાયદેસર કરવામાં આવેલ છે તે બાબતે પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી. બીજા પક્ષકાર પોતે હંગામી ધોરણે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા તે બાબતે પણ કોઈ તકરાર નથી. આ કામે બીજા પક્ષકારનો કોઈ એવો કેસ નથી કે, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકાર વિરુધ્ધ કોઈ વૈમનસ્યના કારણે કોઈ પ્રકારનો પૂર્વગ્રહ રાખી અને બીજા પક્ષકાર કરતાં જુનીયર ડ્રાઈવરને ટાઈમ સ્કેલનો લાભ આપવામાં આવેલ છે, અને બીજા પક્ષકારને લાભ આપવામાં આવેલ નથી. આવી કોઈ તકરાર બીજા પક્ષકાર ધ્વારા લેવામાં આવેલ નથી એટલે કે, આ કામે બીજા પક્ષકારને જે પણ થયુ છે તે કાયદા મુજબ થયુ છે તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી. તકરાર માત્ર જે દિવસે ૨૪૦ દિવસ બીજા પક્ષકારના પુરા થયા તે જ દિવસે સંસ્થામાં કાયમી ડ્રાઈવરોની ખાલી જગ્યાઓ હતી અને છતાં પણ બીજા પક્ષકારને નિમણુંક આપવામાં આવી નથી તે પ્રકારની તકરાર છે. આ તકરારના અનુસંધાને નામ. ગુજરાત હાઈકોર્ટનું સ્પે.સી.એ. નંબર : ૧૧૭/૧૪, નં.૫૧૬૬/૧૬ અને નં.૨૨૬૨/૧૩ માં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, સેટલમેન્ટના કલોઝ–૨૦ નો લાભ લેવા માટે ત્રણ શરતો ફીલફુલ થવી આવશ્યક છે. જે નીચે મુજબ છે :–

"(i) Completion of 180 days as a daily wager, (ii) availability of confirmed vacant posts, and (iii) interse seniority of the concerned workman"

આ ત્રણે વસ્તુ જો પરીપૂર્ણ થાય તો જ કામદાર પોતે માંગ્યા મુજબના ટાઈમ સ્કેલ ઉપર લેવા માટે હકકદાર બને છે. આ કામે રેકર્ડ જોતાં કામદાર ધ્વારા ઉપરોકત ત્રણે શરતો પરિપૂર્ણ થાય તેવો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી એટલે કે, જે દિવસે તેઓ ટાઈમ સ્કેલ ઉપર આવવા ડયુ થયા તે દિવસે ડ્રાઈવરોની કાયમી ખાલી જગ્યાઓ અસ્તિત્વ ધરાવતી હતી અને તેઓની ૧૮૦ દિવસની નોકરી થયેલ હતી અને તેઓ પોતે સીનીયોરીટીમાં ટોપ ઉપર હતા અને છતાં પણ તેઓને ટાઈમ સ્કેલ ઉપર લેવામાં આવેલ નથી. આ હકીકત પુરવાર કરતો કોઈ જ પુરાવો કામદાર તરફે રજુ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત સ્કીમમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ કામદારનો રેફરન્સ ચાલવા પાત્ર રહેતો નથી તેમજ આ કામે આ રેફરન્સમાં જે તકરાર લેવામાં આવેલ છે તેવી તકરાર અગાઉ બીજા પક્ષકાર ધ્વારા લેવામાં આવેલ નથી અને ટાઈમ સ્કેલ ઉપર લીધા બાદ ઘણા સમય પછી તેઓએ આ પ્રકારની તકરાર લીધેલ છે જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટે લેટર્ન પેટર્ન અપીલ નંબર : ૧૧૮૫/૨૦૧૪ સીવીલ અપીલ નંબર : ૧૦૯૦૮/૨૦૧૪ તથા બીજી ઘણી બધી સીવીલ અપીલમાં એક સાથે નામદાર ન્યાયમૂર્તિ શ્રી એમ.આર.શાહ સાહેબ તથા નામ. ન્યાયમૂર્તિ શ્રી કારીયા સાહેબની ડીવીઝન બેન્ચ ધ્વારા તારીખ : ૪ જુલાઈ, ૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ ચુકાદામાં સ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ પણ

બીજા પક્ષકારનો રેફરન્સ ચાલવા પાત્ર રહેતો નથી. ઉપરોકત સીવીલ અપીલ તથા લેટર્ન પેટર્ન અપીલ સામે નામ. સુપ્રિમ કોર્ટના સીવીલ અપીલ નંબર : ૨૫૪૭૬/૨૦૧૮ તથા બીજી તેની સાથેની સીવીલ અપીલોમાં નામ. ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત હુકમને તા.૭/૩/૨૦૧૮ થી કન્ફર્મ કરેલ છે જેથી પણ નામ. સુપ્રિમ કોર્ટના હુકમ મુજબ આ રેફરન્સ ચાલવા પાત્ર રહેતો નથી.

**(૧૨)** આમ ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામે સદર બીજા પક્ષકાર જયારે ટાઈમ સ્કેલ ઉપર લેવા માટે ડયુ થયા ત્યારે સંસ્થામાં કાયમી ડ્રાઈવરોની જગ્યા ખાલી હતી તેવું અને બીજા પક્ષકારની ૧૮૦ દિવસની નોકરી પૂર્ણ થયેલ હતી અને સીનીયોરીટીમાં તેઓ એટલે કે, બીજા પક્ષકાર ટોપ ઉપર હતા અને યોગ્ય સમયે તેઓએ આ બાબતે તકરાર લીધેલ એ તમામ હકીકત બીજા પક્ષકાર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** બીજા પક્ષકાર કામદારનો સદર રેફરન્સ નામંજુર કરી રદૃ કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૦૫/૦૫/૨૦૧૮.
સુરત.

DCR,PS

(વિષ્ણુપ્રસાદ ગિરજાશંકર ત્રિવેદી)
સભ્ય,
ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત.
U.I.Code No. GJ00378